## શેરબજાર

# આરબીઆઇના નવા નિયમને કારણે બૅન્ક શેરોએ બેન્ચમાર્કને નેગેટીવ ઝોનમાં ધકેલ્યો

## ▸ ફ્રોડ ટ્રાન્ઝેક્શને પીએનબીના શેરને પછાડ્યો, માર્કેટ કેપમાં ₹ ૩૮૪૪ કરોડનું ધોવાણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ રિઝર્વ બેન્કે સ્ટ્રેસ્ડ એસેટને લગતો નવો નિયમ જાહેર કર્યો હોવાની નકારાત્મક અસરે બેન્ક શેરોની આગેવાનીએ વેચવાલીનો દોર શરૂ થતાં ખાસ કરીને સત્રના પાછલા તબક્કે જોરદાર પ્રોફિટ બુકિંગ વચ્ચે સેન્સેક્સ ૧૪૪ પોઇન્ટ નીચી સપાટીએ ગબડ્યો હતો. જાહેર ક્ષેત્રની બેન્ક પંજાબ નેશનલ બેન્કે ૧.૭૭ અબજ ડોલર (અંદાજે રૂ. ૧૧,૩૩૫ કરોડ)નું છેતરપિંડીયુક્ત ટ્રાન્ઝાકશન પકડી પાડ્યું હોવાની જાહેરાત કરી ત્યારબાદ આ બેન્કના શેરોમાં જોરદાર વેચવાલી જોવા મળી હતી અને તેમાં ૯.૮૧ ટકાના કડાકો નોંધાયો હતો.

બીએસઇ પર તે રૂ. ૧૬૦ની સપાટીએ ખૂલ્યા બાદ તરત જ ૧૪૪.૭૦ની નીચી સપાટીએ પટકાયો હતો. એનએસઇ પર તો આ શેરમાં ૧૦.૨૯ ટકાનો તોતિંગ કડાકો નોંધાયો હતો અને તે રૂ. ૧૪૫.૨૦ની સપાટીએ સ્થિર થયો હતો. આ એક્સચેન્જ પર સત્ર દરમિયાન તે રૂ. ૧૪૫.૧૫ સુધી નીચે ગયો હતો.

શેરના ભાવમાં થયેલા આ ધોવાણને કારણે તેનું માર્કેટ કેપિટલાઇઝેશન રૂ. ૩૮૪૪ કરોડના ધોવાણ સાથે રૂ. ૩૫,૩૬૫ કરોડના સ્તરે પહોંચ્યું હતું. પીએમનબીએ એક્સચેન્જને રેગ્યુલેટરી ફાઇલિંગમાં જણાવ્યું હતું કે બેન્કે ૧.૭૭ અબજ ડોલરની છેતરપિંડિ પકડી પાડી છે અને વસૂલી માટે કેસ લૉ એન્ફોર્સમેન્ટ એજન્સીને સોંપવામાં આવ્યો છે.

રિઝર્વ બેન્કે બેડ લોનનો પહાડ હળવો કરવાના પ્રયાસરૂપે બેન્કો માટે નવા કડક નિયમો જાહેર કર્યા છે, જે મુજબ બેન્કોએ હવે લોનની ચૂકવણીમાં સમસ્યા ઊભી થાય તેવા કેસ ઝડપથી શોધી કાઢી તેનો ઝડપી નિકાલ કરવાનો રહેશે.

આરબીઆઇએ હાલના લગભગ અડધો ડઝન લોન રિસ્ટ્રકચરિંગ મિકેનિઝમ રદ્દ્ કરી નાંખ્યા છે અને તેને સ્થાને બેન્કોને રિઝોલ્યુશન માટે સહમત થવા ૧૮૦ દિવસનો સમય જાહેર કર્યો છે, અન્યથા સંબંધિત ખાતાને બેન્કરપ્સી માટે રિફર કરવાનો આદેશ આપ્યો છે.

વિશ્વબજારના સારા સંકેત અને સ્થાનિક સંસ્થાઓની લેવાલી વચ્ચે સેન્સેક્સ ૩૪,૪૩૬.૯૮ પોઇન્ટની ઊંચી સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ૩૪,૪૭૩.૪૩ પોઇન્ટની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો, પરંતુ પ્રોફિટ બુકિંગને કારણે ૩૪,૦૨૮.૬૮ પોઇન્ટની નીચી સપાટીને અથડાયા બાદ અંતે ૧૪૪.૫૨ પોઇન્ટ અથવા તો ૦.૪૨ ટકાના ઘટાડા સાથે ૩૪,૧૫૫.૯૫ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

એનએસઇનો પચાસ શેરવાળો નિફ્ટી ઇન્ડેક્સ સત્ર દરમિયાન ૧૦,૫૯૦.૫૫ પોઇન્ટની ઊંચી અને ૧૦,૪૫૬.૬૫ પોઇન્ટની નીચી સપાટીને અથડાઇને અંતે ૩૮.૮૫ પોઇન્ટ અથવા તો ૦.૩૭ ટકાના ઘટાડા સાથે ૧૦,૫૦૦.૯૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

એ નોંધવું રહ્યું કે, પાછલા સપ્તાહ દરમિયાન સેન્સેક્સે ૧૦૬૦.૯૯ પોઇન્ટ અથવા તો ૩.૦૨ ટકા અને નિફ્ટીએ ૩૦૫.૬૫ પોઇન્ટ અથવા તો ૨.૮૪ ટકા ગુમાવ્યાં હતાં. એ નોંધવું રહ્યું કે, બજેટના ફટકા અને વૈશ્વિક બજારોના ડહોળાવાને કારણે સાત સત્રમાં સેન્સેક્સે ૨૨૦૦.૫૪ પોઇન્ટ ગુમાવ્યાં હતાં. તેમાં આ સત્રના ૪૦૭ પોઇન્ટનો ઉમેરો થતાં કુલ આંકની સંખ્યા ૨૬૦૦.૬૧ પોઇન્ટ થાય છે.

આ સત્રમાં પણ લાર્જ કેપમાં વેચવાલી વચ્ચે નાના શેરોમાં લેવાલી અને સુધારો જારી રહ્યો હતો. મિડકેપ અને સ્મોલ કેપ શેરોમાં ફરી એક વખત તેજી આગળ વધી રહી છે. રોકાણકારો આ સેગમેન્ટના ઓવર સોલ્ડ શેરો એકત્ર કરી રહ્યાં હોવાનું બજારના સાધનો જણાવે છે. ફેબ્રુઆરી મહિનામાં વૈશ્વિક બજારો પાછળ સ્થાનિક બજારોમાં ઊંચી ઊથલપાથલ જોવા મળી છે, જેમાં મિડ-કેપ્સ અગ્રણી રહ્યા છે.

લાર્જ-કેપ્સ કરતાં અનેકગણી વધઘટ મિડકેપ્સમાં જોવા મળી છે. મિડકેપ્સમાં ઘટાડો જેટલો તીવ્ર હતો એટલો જ પ્રત્યાઘાતી સુધારો પણ ઝડપી જોવાયો છે. કોર્પોરેટ અર્નિંગ્સ સારા આવવા સાથે લાંબા ગાળે અર્થતંત્રમાં સુધારો રહેવાના અહેવાલોએ સેન્ટિમેન્ટ સુધાર્યું છે. અમુક વર્ગ હજુ પણ માને છે કે લાંબા ગાળે તેજી છે, પરંતુ ટૂંકા અને મધ્યમ ગાળે અફડાતફડીથી વિશેષ કશું નથી.

સોમવારના સત્ર બાદ જાહેર થયેલા ડેટા સારા આવ્યાં છે. ઔદ્યોગિક ઉત્પાદન અગાઉના વર્ષના સમાન ગાળાની તુલનામાં નોંધપાત્ર વધ્યું છે.

કામચલાઉ ધોરણે આ ડેટા બજારના માનસને ટેકો આપી શકે છે, પરંતુ બજારના નિષ્ણાતો કહે છે કે આ કામચલાઉ ટ્રેન્ડને અંતિમ ના ગણી શકાય, કારણ કે બજારની ચાલ પર અસર કરનારા અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પરિબળો પ્રવાહી સ્થિતિમાં છે.

દરમિયાન, એક્સચેન્જ પાસેથી મળેલી કામચલાઉ જાણકારી અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ પાછલા સત્રમાં રૂ. ૮૧૪.૧૧ કરોડના શેર વેચ્યા હતાં, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૧૩૪૨.૭૦ કરોના શેર ખરીદ્યા હતા. ■

## ડૉલર સામે રૂપિયો બાવીસ પૈસા મજબૂત

મુંબઈઃ ગત ડિસેમ્બર મહિનાના દેશમાં ફેક્ટરી ઉત્પાદનનો આંક વધીને ૭.૧ ટકા અને રિટેલ ફુગાવાનો દર મંદ પડીને ૫.૦૭ ટકાની સપાટીએ રહ્યો હોવાના અહેવાલ ઉપરાંત આજે વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સ નબળો પડ્યો હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગત સોમવારના બંધ સામે બાવીસ પૈસા મજબૂત થયો હતો તેમ જ ૧૦ વર્ષીય બૉન્ડની ઊપજમાં પણ ઘટાડો આવ્યો હતો. જોકે, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં પાછોતરા સત્રમાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જનો બૅન્ચમાર્ક સેન્સેક્સ ૧૪૪ પૉઈન્ટ ઘટીને બંધ રહ્યો હોવાને કારણે રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું બજારના સાધનોએ જણાવ્યું હતું.

દરમિયાન સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ગત સોમવારના ૬૪.૩૨ના બંધ સામે મજબૂત અન્ડરટોને ૬૪.૧૫ની સપાટીએ ખૂલ્યો હતો. જોકે, ત્યાર બાદ ડૉલર ઈન્ડેક્સની નરમાઈના નિર્દેશ તેમ જ ગત સોમવારે જાહેર થયેલા આર્થિક આંકડાઓ પ્રોત્સાહક આવતા સત્ર દરમિયાન નિકાસકારોની ડૉલરમાં વેચવાલી જળવાઈ રહેતાં રૂપિયામાં મજબૂત વલણ જળવાઈ રહ્યું હતું અને નીચામાં ૬૪.૧૮ અને ઉપરમાં ૬૪.૦૪ની રેન્જમાં અથડાયા બાદ સત્રના અંતે આગલા બંધથી બાવીસ પૈસા અથવા તો ૦.૩૫ ટકા મજબૂત થઈને ૬૪.૦૯ના મથાળે બંધ રહ્યો હતો.

વધુમાં ડૉલર સામે રૂપિયો મજબૂત થવાને કારણે ૧૦ વર્ષીય બૉન્ડની ઊપજ જે ગત સોમવારે ૭.૪૯૯ ટકાના સ્તરે હતી તેની સામે ઘટીને ૭.૪૯૧ ટકાની સપાટીએ રહી હતી. અત્રે નોંધનીય બાબત એ છે કે વર્ષ ૨૦૧૮માં અત્યાર સુધીમાં ડૉલર સામે રૂપિયો ૦.૪ ટકા નબળો પડ્યો છે. ■

## બુલિયન વૉચ — વૈશ્વિક સોનામાં સતત ત્રીજા સત્રમાં આગેકૂચ

# સોનામાં ₹ ૧૩૫ની અને ચાંદીમાં ₹ ૨૬૦ની તેજી

મુંબઈઃ અમેરિકા ખાતે આજે ફુગાવાના આંકડાની જાહેરાત પૂર્વે વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનુ વલણ રહેતાં લંડન ખાતે સોનામાં રોકાણકારોની લેવાલીને ટેકે ભાવમાં સતત ત્રીજા સત્રમાં આગેકૂચ જળવાઈ રહી હોવાના અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કીમતી ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૬૦ની તેજી આવી હતી, જ્યારે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૩૫ની તેજી આવી હતી. જોકે, સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો બાવીસ પૈસા મજબૂત થયો હોવાથી સોનાની આયાત પડતરોમાં પણ ઘટાડો થવાને કારણે વિશ્વ બજારની સરખામણીમાં સ્થાનિકમાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

અમેરિકામાં ફુગાવાની જાહેરાત પૂર્વે આજે ડૉલર ઈન્ડેક્સમાં જોવા મળેલી નરમાઈ ઉપરાંત વર્ષ ૨૦૧૭ના છેલ્લા ત્રિમાસિકગાળામાં બિલિયોનેર હેજ ફંડ મેનેજર રે ડાલિયોએ તેના સોનાના હોલ્ડિંગમાં વધારો કર્યો હોવાના અહેવાલ સાથે આજે લંડન ખાતે હાજરમાં સોનાના ઔંસદીઠ ભાવ આગલા બંધથી ૦.૬ ટકા વધીને ૬ ફેબ્રુઆરી પછીની સૌથી ઊંચી ૧૩૩૭.૦૨ ડૉલરની સપાટી આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે ગત સોમવારે ડાલિયોની બ્રિજવૉટર એસોસિયેટ્સે જણાવ્યું હતું કે આગામી ૧૮થી ૨૪ મહિના મંદીનો સમયગાળો રહે તેમ હોવાથી અમે વર્ષ ૨૦૧૭ના છેલ્લા ત્રિમાસિકગાળામાં એસપીડીઆર ગોલ્ડ ટ્રસ્ટ અને આઈશૅર્સ ગોલ્ડ ટ્રસ્ટમાં સોનાના હોલ્ડિંગમાં વધારો કર્યો છે.

દરમિયાન સ્થાનિક સોનાચાંદી બજારમાં આજે .૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની નીકળેલી નવેસરથી લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો અને જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૨૬૦ વધીને રૂ. ૩૮,૧૮૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ સ્ટોકિસ્ટોની પાંખી વેચવાલી સામે જળવાઈ રહેલી લેવાલી ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો, સ્થાનિક ડીલરો અને પ્રવર્તમાન લગ્નસરાની માગને ટેકે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૩૫ વધીને ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૦,૨૧૦ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૦,૩૬૦ના મથાળે બંધ રહ્યા હતા. ■

## ટૅક્સ સંબંધી સવાલો તમારા ને જવાબ નિષ્ણાતના

મેટ્રો જંકશનના કટારલેખક શ્રી હર્ષિત કઢી (સી. એ.)ને વાચકો જીએસટી સહિતના કોઇ પણ ટૅક્સ અંગેના પ્રશ્નો પૂછી શકે છે, જેનો ઉત્તર તેઓ મેટ્રો જંકશનમાં પ્રસિદ્ધ થતી કટારમાં જ આપશે. તમારા પ્રશ્નો નીચેના ઇ-મેલ પર મોકલવાના રહેશે.

gstquery@bombaysamachar.com

## મેટલ વૉચ

# ટીન અને નિકલની આગેવાની હેઠળ ધાતુમાં આગેકૂચ

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપરમાં રોકાણકારોની નવેસરથી લેવાલી નીકળતાં એક તબક્કે ભાવ ટનદીઠ ૭૦૦૦ ડૉલરની સપાટી સુધી પહોંચ્યાના અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને ટીન,ઝિન્ક, નિકલ, કોપર અને બ્રાસની ચોક્કસ વેરાઈટીઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૧થી ૨૫નો સુધારો આવ્યો હતો. જોકે, આજે એલ્યુમિનિયમની વેરાઈટીઓ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

ચીનની નવા વર્ષની ઉજવણીની રજાઓ પૂર્વે આજે એક તબક્કે ત્રણ મહિને ડિલિવરી શરતે કોપરમાં રોકાણકારોની નવેસરથી લેવાલી નીકળતાં ભાવ ટનદીઠ ૭૦૦૦ ડૉલર સુધી પહોંચ્યા હતા. જોકે, ત્યાર બાદ વધ્યા મથાળેથી નફારૂપી વેચવાલી નીકળી હતી અને આ આગલા બંધથી ૦.૧ ટકાના ઘટાડા સાથે ટનદીઠ ૬૯૭૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. વધુમાં આજે શાંઘાઈ ફ્યુચર એક્સચેન્જ ખાતે નિકલના ભાવમાં પણ ૩.૨ ટકા વધી આવ્યાના અહેવાલ હતા.

વૈશ્વિક બજારમાં આજે નિકલના ભાવમાં ઉછાળો આવ્યાના અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ નિકલ, ટીન અને કોપરની ચોક્કસ વેરાઈટીઓમાં સ્ટોકિસ્ટોની નવેસરથી નીકળેલી લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં સુધારો આવ્યો હતો. સૂત્રોના જણાવ્યાનુસાર આજે નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૨૫ વધીને રૂ. ૯૧૦, ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૧૫ વધીને રૂ. ૧૪૬૦, કોપર શીટ કટિંગ્સ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૫ વધીને અનુક્રમે રૂ. ૪૩૫ અને રૂ. ૪૧૫, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ૪ વધીને રૂ. ૨૪૮, કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૩ વધીને અનુક્રમે રૂ. ૪૪૬ અને રૂ. ૪૩૭, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૨ વધીને અનુક્રમે રૂ. ૪૫૨ અને રૂ. ૪૮૦ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ૧ વધીને રૂ. ૩૪૮ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગ જળવાઈ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૩૩૪, રૂ. ૧૨૬, રૂ. ૧૬૦ અને રૂ. ૧૭૩ના મથાળે ટકેલા રહ્યા હતા. ■

## દેશ વિદેશ

# સંજય ગાંધી નેશનલ પાર્કમાં કાર પાર્કને રાજ્ય સરકારની મંજૂરી

મુંબઇઃ પર્યાવરણવાદીઓ અને વન જાળવણી વિભાગના સખત વિરોધ વચ્ચે રાજ્યના વન વિભાગે સંજય ગાંધી નેશનલ પાર્કની અંદર કાર પાર્કિંગ વિસ્તાર બાંધવા માટે મંજૂરી આપી દીધી છે. આ કામ માટે જંગલની આશરે એક હેક્ટર જમીન વાપરવામાં આવશે.

આ પ્રસ્તાવ આશરે ત્રણેક વર્ષ પહેલા મૂકવામાં આવ્યો હતો, પરંતુ આ કામ માટે કેટલાક વૃક્ષોનું નિકંદન નીકળે તેમ હોવાથી પ્રકૃતિપ્રેમીઓએ તેનો વિરોધ કર્યો હતો.

સંજય ગાંધી નેશનલ પાર્કના અધિકારીએ જોકે જણાવ્યું હતું કે કાર પાર્કીંગને કારણે પર્યાવરણનું રક્ષણ થશે. પાર્કમાં આવતા વાહનો અહીં પાર્ક થશે અને અન્ય બેટરી સંચાલિત વાહનમાં પ્રવાસીઓને પાર્કની અંદર સેર કરાવવામાં આવશે. આને કારણે પ્રદૂષણમાં ઘણો ઘટાડો થશે.

પાર્કના કૃષ્ણાગિરી ઉપવન ઑફિસ પાસે ૩૦૦ વાહનની ક્ષમતા ધરાવતું કાર પાર્ક ઊભું કરવામાં આવશે. અહીંથી પ્રવાસીઓ બસ દ્વારા પાર્કમાં જઇ શકશે.

પાર્કમાં રોજના આશરે ૩૦૦થી વધુ ખાનગી વાહનોની અવરજવર હોય છે. શનિ, રવિ અને રજાના દિવસોમાં આ આંકડો વધારે હોય છે, જેને કારણે પાર્કમાં ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. એક આંકડા મુજબ નેશનલ પાર્કમાં વાર્ષિક ૧૨ લાખથી વધુ પ્રવાસીઓ આવે છે.

આ પાર્કિંગ વિસ્તાર મહારાષ્ટ્ર ટુરિઝમ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા વિકસીત કરવામાં આવશે અને ૧૫ વર્ષ સુધી ટૉલ ઉઘરાવવાનું તથા જાળવણીનું કામ કરશે. એમટીડીસી ૧૩ બેટરી ઓપરેટેડ વાહનો પૂરા પાડશે. કાર પાર્કિંગ એક વર્ષની અંદર કાર્યરત થઇ જશે. ■

# ટ્રમ્પ વતી મેં પૉર્નસ્ટારને ₹૧.30 લાખ ડૉલર ચૂકવેલાઃ વકીલ

*વૉશિંગ્ટનઃ* અમેરિકાના પ્રમખ ડૉનલ્ડ ટ્રમ્પના ખાનગી વકીલ માઇકલ કોહેને ન્યૂ યોર્ક ટાઇમ્સને જણાવ્યું હતું કે મેં ટ્રમ્પ તરફથી પોર્નસ્ટારને ૧,૩૦,૦૦૦ ડૉલર ચૂકવ્યા હતા, એ પોર્નસ્ટારે એના ટ્રમ્પ સાથે સંબંધ હોવા વિશે એક વખત નિવેદન કર્યું હતું. કોહેને જણાવ્યું હતું કે એક્ટ્રેસને પેમેન્ટ કરવાનું કામ કરવા બદલ મને મહેનતાણું આપવામાં નહોતું આવ્યું. એ એક્ટ્રેસનું ખરું નામ સ્ટેફની ક્લિફોર્ડ છે, પણ એ સ્ટોર્મી ડેનિયલના નામે જાણીતી છે.

કોહેને જણાવ્યું હતું કે એ પેમેન્ટ કાનૂની હતું, એ પ્રચારનાં નાણાંથી અથવા તો પ્રચારના ખર્ચમાંથી નહોતા અપાયા. કોહેનને જ્યારે એની વિગતો વિશે પૂછાયું ત્યારે એણે એ જણાવવાનો ઇનકાર કર્યો હતો.

મીડિયા રિપોર્ટમાં જણાવાયું હતું કે પેમેન્ટ નવેમ્બર ૨૦૧૬ની ચૂંટણીના એક મહિના અગાઉ કરવામાં આવ્યું હતું. જ્યારે ટ્રમ્પના ક્લિફોર્ડ સાથે સંબંધો હતા, ત્યારે તેઓ સામાન્ય નાગરિક હતા.

એક મહિના અગાઉ વૉલ સ્ટ્રીટ જર્નલમાં આ બાબત છપાયા બાદ ટ્રમ્પે પોતાના વકીલો મારફત અને ક્લિફોર્ડે એમની વચ્ચે કશું ન હોવાની સ્પષ્ટતા કરી હતી. (પીટીઆઇ) ■

# હાર્લી-ડેવિડસન પર ભારતે લાદેલી ડ્યૂટીથી ટ્રમ્પ ધૂંઆપૂંઆ

*વૉશિંગ્ટનઃ* ભારત દ્વારા હાર્લી-ડેવિડસન જેવી આયાતી મોંઘી મોટરસાઇકલો પર લાદવામાં આવતા કરથી અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ સખત નારાજ છે અને એમણે આ બાબતની જાણ કરતી વખતે અમેરિકા દ્વારા પણ ભારતીય મોટરસાઇકલો પર વળતો કર ફટકારવાની ધમકી ઉચ્ચારી હતી. સત્તા સંભાળ્યા બાદ ટ્રમ્પે કરેલા ભાષણમાં એમણે આ બાબતનો પહેલી વખત ઉચ્ચાર કર્યો હતો, પણ એ વખતે એમણે ભારતનું નામ નહોતું લીધું.

તાજેતરમાં એમણે સાંસદોને જણાવ્યું હતું કે મને હમણાં ફોન કરીને એક જેન્ટલમેને જણાવ્યું હતું કે ભારતમાં હાર્લી-ડેવિડસન મોટરસાઇકલની આયાત પર લાગતા કરમાં એમણે પચાસ ટકાનો ઘટાડો કર્યો છે. આ પચાસ ટકા પહેલા ૧૦૦ ટકા, પછી ૭૫ ટકા કર લાગતો હતો. નવી દિલ્હીએ મોંઘી મોટરસાઇકલો પરનો આયાતી કર ઘટાડીને પચાસ ટકા કર્યો છે.

ટ્રમ્પે જણાવ્યું હતું કે હાર્લી-ડેવિડસન કર ભરે છે, જ્યારે બાઇકના ભારતીય આયાતકારો કઇ નથી ભરતા. છતાં તેઓ (ભારતીય કંપનીઓ) હજારોની સંખ્યામાં ભારતમાંથી અમેરિકામાં મોટરસાઇકલો વેચે છે, જેની અનેક લોકોને જાણ નથી. શું તમે જાણો છો કે આપણો કર કેટલો છે? ઝીરો.

રિપોર્ટ પ્રમાણે હાર્લી-ડેવિડસનનું વાર્ષિક વેચાણ ફક્ત ૩૭૦૦ નંગ છે, પણ ટ્રમ્પના કહેવા પ્રમાણે એ હજારોની સંખ્યામાં છે. જોકે, અમેરિકા ભારતની મોટરસાઇકલો મોટા પ્રમાણમાં આયાત નથી કરતું અને ભારતની મોટી મોટરસાઇકલ પર ત્યાં કર નથી લાગતો એ વાત ટ્રમ્પને ખટકે છે. (પીટીઆઇ) ■

# સરકારી નોકરી માટે નકલી જાતિ સર્ટિફિકેટ

## દોષીઓ સામે કાર્યવાહી કરવા સમિતિની રચના કરવાની શક્યતા

મુંબઈઃ અનુસૂચિત જાતિ અને જનજાતિ ક્વૉટા હેઠળ સરકારી નોકરી મેળવવા માટે નકલી જાતિ પ્રમાણપત્ર રજૂ કરવા માટે દોષી ઠરાયેલાઓ સામે કાર્યવાહી કરવા માટે રાજ્ય સરકાર દ્વારા એક સમિતિની રચના કરવામાં આવવાની શક્યતા છે. તાજેતરમાં એક અખબારના અહેવાલમાં જણાવાયું હતું કે ૧૧,૭૦૦ સરકારી કર્મચારી સામે બનાવટી સર્ટિફિકેટ રજૂ કરવા માટે કાર્યવાહી થઇ શકે છે.

આ સમિતિ મુખ્ય સચિવના નેતૃત્વ હેઠળની હશે જેમાં સામાન્ય વહીવટીતંત્ર વિભાગ, મેડિકલ એજ્યુકેશન, ગૃહ અને આદિવાસી વિકાસ સહિતના વિભાગોના અધિકારીઓ હશે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

સમિતિ દ્વારા કઇ કાર્યવાહી કરવી એ નક્કી કરવામાં આવશે તથા સંબંધિત વિભાગમાં સ્ટાફની ક્ષમતા જો ઓછી થઇ જાય તો તેની અસર કાર્ય પર પડે નહીં તેની ખાતરી પણ સમિતિ દ્વારા કરવામાં આવશે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

બનાવટી જાતિ સર્ટિફિકેટ રજૂ કરનારાઓને કાઢી મૂકવાના સુપ્રીમ કોર્ટના નિર્દેશને અનુસરવાનું કાયદો અને ન્યાય વિભાગ તથા ઍડવોકેટ જનરલે કહ્યા બાદ બનાવટી જાતિ સર્ટિફિકેટ રજૂ કરનારા સરકારી કર્મચારીઓ સામે કાર્યવાહી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ■

# ચૂંટણી કમિશનરના પગાર બે ગણા થયા

*નવી દિલ્હીઃ* સુપ્રીમ કોર્ટ અને હાઇ કોર્ટના જજો બાદ હવે ત્રણેય ચૂંટણી કમિશનરના પગાર લગભગ બે ગણો થયા હતાં. કાયદા પ્રમાણે મુખ્ય ચૂંટણી કમિશનર સહિત ત્રણેય ચૂંટણી કમિશનર સુપ્રીમ કોર્ટના જજ જેટલા પગારના હકદાર છે.

ચૂંટણી પંચના એક અધિકારીએ જણાવ્યું હતું કે સરકારે ૨૫મી જાન્યુઆરીએ સુપ્રીમ કોર્ટ અને હાઇ કોર્ટના જજના પગારમાં વધારો કર્યા બાદ ચૂંટણી પંચે પણ એ પ્રમાણે ચૂંટણી કમિશનરના પગારમાં સુધારો કર્યો હતો. નવા સુધારા પ્રમાણે હવે ત્રણેય ચૂંટણી કમિશનરને દર મહિને રૂ. ૯૦,૦૦૦ને બદલે રૂ. ૨.૫૦ લાખનો પગાર મળશે. આ સુધારો પહેલી જાન્યુઆરી, ૨૦૧૬થી કરાયો હોવાથી ભૂતપૂર્વ ચૂંટણી કમિશનરો અને પ્રમુખ ચૂંટણી કમિશનરોને પણ એનો લાભ મળશે. (પીટીઆઇ) ■

# અમેરિકાની ગુપ્તચર સંસ્થાની બહાર ગોળીબાર

*વૉશિંગ્ટનઃ* અમેરિકાની અગ્રણી ગુપ્તચર સંસ્થા નેશનલ સિક્યોરિટી એજન્સીના મુખ્યાલય બહાર ગોળીબાર થયો હોવાની વાત વાઇટ હાઉસે સ્વીકારી હતી. એનબીસીએ જાહેર કરેલા ફોટામાં હાથકડી પહેરાવેલ એક વ્યક્તિને પોલીસ ઘેરીને ઊભેલી દેખાઇ હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર ગોળીબારમાં ત્રણ વ્યક્તિ ઘાયલ થઇ હતી અને ગોળીબાર કરનારની ધરપકડ કરાઇ હતી. કમ્પાઉન્ડની કોન્ક્રીટની આડશ સાથે કાળા રંગની એક એસયુવી કાર અથડાયેલી અને એના પર ગોળીઓના નિશાન જોઇ શકાતા હતા. એનએસએના સૂત્રોએ જણાવ્યું હતું કે સ્થિતિ કાબૂમાં છે અને આ ઘટનાની માહિતી પ્રમુખને કરવામાં આવી છે. (પીટીઆઇ) ■

# આરટીઈ પ્રવેશ માટેની ઍપ હજુ શરૂ થઈ નથી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાઈટ ટુ એજ્યુકેશન (આરટીઈ) અંતર્ગત વિદ્યાર્થીઓને મળતા પ્રવેશની સત્તાવાર શરૂઆત થઈ ગઈ છે, પરંતુ શિક્ષણ વિભાગે આ માટે જાહેર કરેલી ઍપની શરૂઆત હજુ થઈ નથી. સરકારે આરટીઈ પ્રવેશ ઍપ દ્વારા થશે તે માટે જીઆર પણ કાઢ્યો હતો, તેને લગભગ ૨૫ દિવસ થયા, પરંતુ આવી કોઈ ઍપ શરૂ કરવામાં નથી આવી. આરટીઈના ૨૦૧૮-૨૦૧૯ના પ્રવેશ માટે આવી જાહેરાત કરવામાં આવી હતી. જે સ્કૂલ પ્રવેશ પ્રક્રિયામાં ભાગ નથી લેતી અથવા બાળકોને પ્રવેશ આપ્યા બાદ આનાકાની કરે છે તેમના પર નજર રાખવા અને તેમની સામે કાર્યવાહી કરવા માટે ઍપ લૉચ કરવામાં આવશે, તેમ જણાવાયું હતું, પરંતુ હજુ સુધી આવી કોઈ ઍપ બની જ ન હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. મુંબઈ મહાનગરપાલિકાની હદમાં રજિસ્ટર થયેલી કુલ ૩૮૪ ખાનગી સ્કૂલ છે, જેમાં આરટીઈ અંતર્ગત કુલ ૬,૦૦૦ જેટલી સીટ છે. જ્યારે રાજ્યભરમાં રજિસ્ટર કરવામાં આવેલી ૮,૯૮૫ સ્કૂલ છે જેમાં ૧.૨૫ લાખ જગ્યા ઉપલબ્ધ છે. રજિસ્ટ્રેશનની સંખ્યા હજુ વધવાની શક્યતા છે. પછાત જાતિના પેરેન્ટ્સ ટીચર્સ એસોસિયેશનના અધ્યક્ષ પ્રવીણ યાદવે જણાવ્યું હતું કે દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રીમંત સ્કૂલો ગરીબ બાળકોને પ્રવેશ આપવામાં આનાકાની કરશે. બાળ હક આયોગની સુનાવણી પણ મોડી થાય છે, જેથી બાળકોનો અભ્યાસ પણ બગડે છે. સરકારે ઍપ બનાવવાની વાત કરી હતી. ■

## ધી કાલુપુર કોમર્શિયલ કો-ઓપ. બેંક લિ.

(મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેંક)

મુખ્ય કચેરીઃ 'કાલુપુર બેંક ભવન', ઈન્કમટેક્ષ સર્કલ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪. ફોનઃ ૨૭૫૮૨૦૨૦ થી ૨૬, ટોલ ફ્રી : ૧૮૦૦ ૨૩૩ ૯૯૯૯૯

### બેંક ખાતાઓને આધાર કાર્ડ સાથે લીન્ક કરવા માટેની અગત્યની સુચના

ભારત સરકારના તા. ૧૩-૧૨-૨૦૧૭ ના નોટીફીકિશન મુજબ તમામ ગ્રાહકોનાં બેંક ખાતાઓને તા. ૩૧-૩-૨૦૧૮ સુધીમાં આધાર નંબર સાથે જોડવાં ફરજીયાત છે. તેથી જો જણાવેલ મુદત સુધીમા બેંકમાં આધાર કાર્ડ રજુ કરવામાં નહિ આવે તો નિયમાનુસાર જે તે ગ્રાહકનું ખાતુ સ્થગિત કરવામાં આવશે.

આથી બેંકના તમામ માનવંતા ગ્રાહકોને અપીલ કરીએ છીએ કે, ભવિષ્યમાં કોઈપણ અસુવિધાને નિવારવા માટે આપનું ખાતુ જે શાખામાં છે, તે શાખામાં આપના આધાર નંબર કાર્ડની ઓરીજીનલ તેમજ ઝેરોક્ષ નકલ રજુ કરી, આપના ખાતામાં આધાર લીન્ક કરાવવા વિનંતી છે.

**નોંધ :** કાલુપુર બેંકના ATM કાર્ડધારકો બેંકના ATM સેન્ટરમાં જઈને બેંક ખાતા સાથે આધાર લીન્ક કરી શકે છે.

અમદાવાદ - તા.૧૪/૦૨/૨૦૧૮ જનરલ મેનેજર